॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# NCRB અહેવાલના આધારે અપરાધનો દર

**ડૉ. સંજય પટેલ**
આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર,
સ્કુલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સિઝ,
સાયન્સિઝ,
BAOU
sanjay.patel@baou.edu.in

**ડૉ. ભાગ્યશ્રી રાજપૂત**
આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર,
સ્કુલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ
BAOU
bhagyashree.rajput@baou.edu.in

❖ **સાર-સંક્ષેપ (Abstract) :-**

'અપરાધ' એ અત્યંત જટિલ સમસ્યા છે. જે પ્રત્યેક સમાજના સર્વાંગી વિકાસને વિઘાતક સ્વરૂપે અસર કરે છે. દરેક સમાજમાં અપરાધને વ્યાખ્યાયિત કરવા માટેના આધારો હોય છે. અપરાધ કરવા માટે ગુનાહિત ઈરાદો અને ગુનાહિત કૃત્ય હોવું જોઈએ. કોઈ વ્યક્તિ જન્મજાત ગુનેગાર નથી. ગુનાહિત વર્તનનાં કારણો રોજબરોજની સામાજિક ક્રિયાઓ અને જીવનશૈલીમાં રહેલ છે. ખામીયુક્ત સામાજિકરણને પરિણામે લોકોમાં ગુનાખોરીનું પ્રમાણ વધે છે. એક સામાજિક ઘટના તરીકે, ગુનાના દરો આર્થિક સ્થિતિ, સામાજિક અસમાનતા, સાંસ્કૃતિક ધોરણો, સામાજિક અન્યાય અને લૈંગિક અસમાનતા જેવા વિવિધ પરિબળોથી પ્રભાવિત થાય છે. વ્યક્તિઓનું ગુનાહિત વર્તન વિવિધ સામાજિક, આર્થિક, જૈવિક અને મનોવૈજ્ઞાનિક કારણોનું પરિણામ છે.

પ્રસ્તુત લેખમાં સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્યથી ભારતમાં અપરાધના દરનું વિશ્લેષણ કરવાનો પ્રયત્ન કર્યો છે. અપરાધના જાતિગત પરિમાણો અને અસમાનતાઓને કાયમી રાખતા અંતર્ગત સામાજિક માળખાને તપાસ્યા છે. ભારતમાં ગુનાના સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પરિબળો વચ્ચેની આંતરક્રિયાને અને ગુનાહિત વર્તણૂકને ઓળખવાનો હેતુ છે. વધુમાં, ભારતમાં અપરાધવૃત્તિ અને ગુનાહિત વર્તનની ગતિશીલતા વિશે અભ્યાસ કરવા માટે નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (NCRB)ની આંકડાકીય માહિતીનો ઉપયોગ કરીને તેનું અર્થઘટન કરવાનો પ્રયત્ન કરેલ છે.

❖ **ચાવીરૂપ શબ્દો :-** રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ બ્યૂરો (National Crime Records Bureau-NCRB), અપરાધ, ગુનો, સમાજ, પ્રમાણ (દર), સામાજિક સમસ્યાઓ

## ❖ પ્રસ્તાવના :-

અપરાધ એ એક દુર્ભાગ્યપૂર્ણ સામાજિક વાસ્તવિકતા છે જે રાષ્ટ્રને પીડિત કરે છે અને સમાજના લોકોના જીવનને વિઘાતક સ્વરૂપે અસર કરે છે. સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક સ્થિતિ અને ગુના ગાઢ રીતે જોડાયેલા છે, ગુનાની નોંધપાત્ર અસર વ્યક્તિઓ, સમુદાયો અને સમાજના સમગ્ર માળખા પર પડે છે. ખાસ કરીને મંદી દરમિયાન, દેશમાં બેરોજગારીનું સ્તર વધવાનું શરૂ થાય છે. જેના પરિણામે ગરીબી અને અસમાનતામાં વધારો થતાં મોટાભાગના લોકો કૌટુંબિક ભરણપોષણ કરવા, તેમની આજીવિકાની પૂર્તિ માટે ગુનાખોરી અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરવા તરફ ખેંચાય છે. આ મુદ્દાને અસરકારક રીતે ઉકેલવા માટે, ભારતમાં ગુનાખોરીના દરમાં ફાળો આપતા મૂળ કારણો અને સમાજશાસ્ત્રીય પરિબળોની તપાસ કરવી જરૂરી છે.

રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ બ્યુરો (National Crime Records Bureau-NCRB) અનુસાર, ભારતમાં ગુનાખોરીનો દર પાછલા વર્ષની સરખામણીમાં વર્ષ 2020માં વધ્યો છે. NCRB ડેટા એ પણ દર્શાવે છે કે મહિલાઓ, બાળકો અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો સામેના અપરાધો વધી રહ્યા છે.

આ લેખનો મુખ્ય હેતુ ભારતમાં અપરાધ દરોની જટિલતાઓને સમજવાનો અને સમાજશાસ્ત્રીય પૃથ્થકરણ કરવાનો છે, જેમાં ઉપલબ્ધ આંકડાકીય માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન કરવા માટે સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્યનો ઉપયોગ કરવામાં આવેલ છે. ઉપરાંત ભારતના વિવિધ પ્રદેશોમાં સામાજિક ઘટનાઓ અને ગુનાના દરોમાં ભિન્નતામાં ફાળો આપતા પરિબળોને સમજવા માટે વિવિધ આંકડાકીય માહિતી, સંશોધન પદ્ધતિઓ અને સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો દ્વારા રજૂઆત કરવાનો પ્રયાસ કરેલ છે. રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ બ્યૂરો દર વર્ષે ભારતમાં અપરાધ અહેવાલ પ્રકાશિત કરે છે. આથી ભારતમાં અપરાધ સંબંધિત આંકડાકીય માહિતીના સ્રોત તરીકે NCRB પ્રાથમિક આંકડાકીય માહિતીનો ઉપયોગ કરેલ છે. જેમાં હિંસક ગુનાઓ, મિલકતના ગુનાઓ, સાયબર ગુનાઓ, મહિલા, બાળકો કે વૃદ્ધો સંબંધિત ગુનાઓના વિવિધ વિભાગોનો સમાવેશ થાય છે.

## ❖ 'અપરાધ' અંગેનો ખ્યાલ :-

અપરાધ ફક્ત વ્યક્તિગત નૈતિક નિષ્ફળતાઓનું પરિણામ નથી પરંતુ ઘણીવાર પ્રણાલીગત કે સમાજીકરણની ખામીઓ અને સામાજિક અન્યાયનું પરિણામ છે. સામાજિક-સાંસ્કૃતિક-આર્થિક અસમાનતા, લૈંગિક ભેદભાવ, શહેરીકરણના પ્રશ્નો-પડકારો, સાંસ્કૃતિક પ્રભાવો અને અન્ય સમાજશાસ્ત્રીય પરિવર્ત્યોની તપાસ કરી તથા સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો સાથે સાંકળીને, સમાજ અને ગુના વચ્ચેના જટિલ આંતરપ્રક્રિયા પર પ્રકાશ પાડવો આવશ્યક છે.

આધુનિક ગુનાશાસ્ત્રના પિતા લોમ્બ્રોસો (Cesare Lombroso: 1835-1909) "જન્મ ગુનેગાર" (born criminal)ના સિદ્ધાંત માટે જાણીતા છે, જે સૂચવે છે કે ગુનેગારો જૈવિક રીતે ગુના માટે પૂર્વગ્રહ ધરાવતા હોય છે. લોમ્બ્રોસોનો સિદ્ધાંત ગુનેગારોમાં શારીરિક અસાધારણતાના તેમના અવલોકનો પર આધારિત હતો, જેમ કે અસમપ્રમાણ ખોપરી, મોટા જડબા અને વિસ્તરેલ કાન. લોમ્બ્રોસોએ ઈટાલિયન કેદીઓની શારીરિક લાક્ષણિકતાઓ જેમ કે, માથું, શરીર, હાથ અને ચામડીનું નિરીક્ષણ કાર્ય કર્યું અને તેમની સરખામણી ઈટાલિયન સૈનિકો સાથે કરી. તુલના પરથી લોમ્બ્રોસોએ તારણ કાઢ્યું કે ગુનેગારો કાયદાનું પાલન કરતા નાગરિકોથી શારીરિક રીતે અલગ હતા અને આ તફાવતો ગુનાહિત વર્તનના જૈવિક કારણો દર્શાવે છે. લોમ્બ્રોસો વ્યક્તિની શારીરિક લાક્ષણિકતાઓ, માનસિક ક્ષમતાઓ વગેરે જેવા જૈવિક પરિબળોને ગુનાના પ્રાથમિક કારણો ગણાવે છે. વધુમાં તેમના અભ્યાસોમાં જોવા મળે છે કે, ગુનેગારો પીડા અને સ્પર્શ માટે ઓછી સંવેદનશીલતા ધરાવે છે; વધુ

તીવ્ર દ્રષ્ટિ; પસ્તાવોની ગેરહાજરી સહિત નૈતિક ભાવનાનો અભાવ; વધુ મિથ્યાભિમાન, આવેગ, પ્રતિશોધ અને ક્રૂરતા; અને અન્ય અભિવ્યક્તિઓ, જેમ કે ખાસ ગુનાહિત દલીલ અને ટેટૂનો વધુ પડતો ઉપયોગ જોઈ શકાય છે.

ગોટફ્રેડસન અને હિર્સ્ચી (Gottfredson & Hirschi :1990) 'ગુનાનો સામાન્ય સિદ્ધાંત' (A General Theory Of Crime) રજૂ કર્યો છે.

સેલીન (Sellin, T. : 1938) પોતાના ગ્રંથ 'સંસ્કૃતિ સંઘર્ષ અને અપરાધ' (Culture conflict and crime)માં નોંધે છે કે, એક પ્રખ્યાત ગુનાશાસ્ત્રીએ સૂચવ્યું હતું કે, ગુનાની વ્યાખ્યાની સમસ્યાને ટાળવાનો એક રસ્તો એ છે કે તે કૃત્યોની કાનૂની સ્થિતિને ધ્યાનમાં લીધા વિના, વિચલિત કૃત્યો (આચારના ધોરણોનું ઉલ્લંઘન) કરનાર વ્યક્તિઓનો અભ્યાસ કરવો.

અમેરિકન સોસાયટી ઓફ ક્રિમિનોલોજી (American Society of Criminology) અનુસાર, અપરાધ એ "વર્તણૂક છે જે ફોજદારી કાયદાનું ઉલ્લંઘન કરે છે અને દંડ, કેદ અથવા બંને દ્વારા સજાપાત્ર છે" (ASC, n.d.). તેવી જ રીતે, યુનાઈટેડ નેશન્સ ઑફિસ ઓન ડ્રગ્સ એન્ડ ક્રાઈમ (UNODC, 2021), ગુનાને "એક કૃત્ય અથવા અવગણના જે કાયદા દ્વારા સજાપાત્ર ગુનો બનાવે છે" તરીકે વ્યાખ્યાયિત કરે છે.

ક્લિનાર્ડ અને ક્વિની (Clinard and Quinney : 1967: 14-18) પોતાના પુસ્તક 'Criminal Behaviour Systems: A Typology'માં છ પ્રકારના અપરાધો આપ્યા છે:

1. હિંસક વ્યક્તિગત અપરાધ (Violent personal crime)
2. પ્રસંગોપાત મિલકત ગુનો (Occasional property crime)
3. વ્યવસાયિક અપરાધ (Occupational crime)
4. રાજકીય ગુનો (Political crime)
5. જાહેર હુકમનો ગુનો (Public order crime)
6. પરંપરાગત ગુનો (Conventional crime)

અપરાધ અંગે ઉપરોક્ત વ્યાખ્યાઓ અને ચર્ચાથી અપરાધનો ખ્યાલ અને જુદા-જુદા પ્રકારના અપરાધોની ગંભીરતા જોઈ શકાય છે અને તેનો પ્રભાવ એ સમગ્ર વ્યવસ્થા માટે વિઘાતક હોય છે જેથી પ્રસ્તુત લેખમાં જુદા-જુદા પ્રકારના અપરાધોનો દર વિષય વિશ્લેષણ માટે પસંદ કર્યો છે.

## ❖ રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ બ્યુરો (NCRB) પરિચય :-

રાષ્ટ્રીય અપરાધ રેકોર્ડ બ્યુરો (National Crime Records Bureau - NCRB)ની સ્થાપના 1986માં ગુના અને ગુનેગારોની માહિતીના સંગ્રહકાર્ય કરવા માટે કરવામાં આવી હતી. જેથી ટંડન કમિટિ, નેશનલ પોલીસ કમિશન (1977-1981) અને MHAની ટાસ્ક ફોર્સ (1985)ની ભલામણોના આધારે ગુનેગારો સાથે અપરાધને જોડવામાં તપાસકર્તાઓને મદદ કરી શકાય. ત્યારબાદ, NCRBને વર્ષ 2009માં ક્રાઈમ એન્ડ ક્રિમિનલ ટ્રેકિંગ નેટવર્ક એન્ડ સિસ્ટમ્સ (CCTNS) પ્રોજેક્ટની દેખરેખ, સંકલન અને અમલીકરણની જવાબદારી સોંપવામાં આવી હતી. આ પ્રોજેક્ટે દેશમાં 15000+ પોલીસ સ્ટેશનો અને 6000 ઉચ્ચ પોલીસ કચેરીઓને જોડ્યા છે. 21મી ઓગસ્ટ 2017ના રોજ, NCRBએ નેશનલ ડિજિટલ પોલીસ પોર્ટલ https://digitalpolice.gov.in શરૂ કર્યું, જે નાગરિકો તેમજ પોલીસ કર્મચારીઓ બંનેને પૂરી પાડે છે. વધુમાં જોઈએ તો, બ્યુરોને જાતીય અપરાધીઓનો રાષ્ટ્રીય ડેટાબેઝ (National Database of Sexual Offenders - NDSO) જાળવવા અને તેને નિયમિત ધોરણે રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો સાથે આપ-લે કરવાનું પણ સોંપવામાં આવ્યું છે. NCRBને 'ઓનલાઈન સાયબર-ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ'ના ટેકનિકલ અને ઓપરેશનલ કાર્યોનું સંચાલન કરવા માટે સેન્ટ્રલ નોડલ એજન્સી

તરીકે પણ નિયુક્ત કરવામાં આવ્યું છે, જેના દ્વારા કોઈપણ નાગરિક બાળ પોર્નોગ્રાફી, બળાત્કાર/સામૂહિક બળાત્કાર સંબંધિત ગુનાના પુરાવા તરીકે ફરિયાદ નોંધાવી શકે છે અથવા વીડિયો ક્લિપ અપલોડ કરી શકે છે. NCRB એ સાયબર ક્રાઈમ તપાસ અને કાર્યવાહીમાં વિવિધ હિતધારકોને ઓનલાઈન તાલીમ આપવા માટેનું પોર્ટલ સાયટ્રેન પણ શરૂ કર્યું છે. NCRB નકલી ચલણ માહિતી અને વ્યવસ્થાપન સિસ્ટમ (Fake Indian Currency Note - FICN) અને આતંકવાદ પર સંકલિત મોનિટરિંગ (Integrated Monitoring on Terrorism - iMoT) એપ્લિકેશન્સ પણ જાળવી રાખે છે. NCRB નેશનલ ક્રાઈમ સ્ટેટેસ્ટિક્સ એટલે કે ભારતમાં ગુના, અકસ્માત મૃત્યુ અને આત્મહત્યા અને જેલના આંકડા પણ કમ્પાઈલ અને પ્રકાશિત કરે છે. આ પ્રકાશનો ભારત અને વિદેશમાં નીતિ નિર્માતાઓ, પોલીસ, ગુનાશાસ્ત્રીઓ, સંશોધકો અને મીડિયા દ્વારા મુખ્ય સંદર્ભ ગ્રંથ તરીકે સેવા આપે છે. આ ઉપરાંત NCRB હેઠળ સેન્ટ્રલ ફિંગર પ્રિન્ટ બ્યુરો એ દેશના તમામ ફિંગરપ્રિન્ટ્સનું રાષ્ટ્રીય ભંડાર છે અને તેમાં દોષિત અને ધરપકડ કરાયેલા બંને ગુનેગારોના 10 લાખથી વધુ ફિંગર પ્રિન્ટ્સનો ડેટાબેઝ છે અને તે ફિંગરપ્રિન્ટ એનાલિસિસ અને ક્રિમિનલ ટ્રેસિંગ સિસ્ટમ (FACTS) પર શોધ સુવિધા પ્રદાન કરે છે. NCRB દિલ્હી, કોલકાતામાં તેના પ્રશિક્ષણ કેન્દ્રો દ્વારા માહિતી ટેકનોલોજી, CCTNS, ફિંગર પ્રિન્ટ્સ, નેટવર્ક સુરક્ષા અને ડિજિટલ ફોરેન્સિક્સના ક્ષેત્રમાં ક્ષમતા નિર્માણમાં વિવિધ રાજ્યોને પણ મદદ કરે છે. તે હૈદરાબાદ, ગાંધીનગર, લખનૌ અને કોલકાતા ખાતે ચાર પ્રાદેશિક પોલીસ કોમ્પ્યુટર તાલીમ કેન્દ્રો (RPCTC) ને પણ મદદ કરે છે. બ્યુરો મહિપાલપુર ખાતેના તેના નવા કાર્યાલય સંકુલમાં સ્થાનાંતરિત થયું છે, જેનું ઉદ્ઘાટન માનનીય કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી રાજનાથ સિંહે 8મી સપ્ટેમ્બર 2017ના રોજ કર્યું હતું (NCRB - Director desk).

NCRB દ્વારા પ્રકાશિત થતા જુદા-જુદા અપરાધ દરના કોષ્ટકોની યાદી:-

(1) માનવ શરીરને અસર કરતા ગુનાઓ (Offences Affecting the Human Body)
(2) હત્યા (Murder)
(3) અપહરણ (Kidnapping & Abduction)
(4) જાહેર શાંતિ સામેના ગુનાઓ (Offences against Public Tranquility)
(5) મહિલાઓ સામે ગુનો (Crime against Women)
(6) બાળકો સામે ગુનો (Crime against Children)
(7) કાયદા સાથે સંઘર્ષમાં કિશોરો (Juveniles in Conflict with Law)
(8) વરિષ્ઠ નાગરિકો સામે ગુનો (Crime against Senior Citizens)
(9) અનુસૂચિત જાતિ સામે ગુનો/અત્યાચાર (Crime/Atrocities against Scheduled Castes)
(10) અનુસૂચિત જનજાતિ સામે ગુનો/અત્યાચાર (Crime/Atrocities against Scheduled Tribes)
(11) આર્થિક ગુનાઓ (Economic Offences)
(12) ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ (Prevention of Corruption Act)
(13) સાયબર ક્રાઈમ્સ (Cyber Crimes)
(14) રાજ્ય સામેના ગુનાઓ (Offences against State)
(15) પર્યાવરણ સંબંધિત ગુનાઓ (Environment Related Offences)
(16) વિદેશીઓ વિરુદ્ધ ગુનો અને વિદેશીઓ દ્વારા અપરાધ (Crime against Foreigners and Crime by Foreigners)
(17) માનવોની હેરાફેરી (Human Trafficking)

(18) મિલકત સામેના ગુનાઓ (Offences against Property)

(19) દસ્તાવેજો અને મિલકતના ગુણને લગતા ગુનાઓ (Offences Relating to Documents & Property Marks)

(20) આર્મ્સ એક્ટ હેઠળ જપ્તી (Seizures under Arms Act)

(21) વિસ્ફોટકો જપ્ત (Seizure of Explosives)

(22) નકલી ભારતીય ચલણ જપ્ત (Seizure of Fake Indian Currency)

(23) ધરપકડ, સજા અને નિર્દોષ છૂટકારો (Arrests, Convictions & Acquittals)

NCRB ભારતની ફોજદારી ન્યાય પ્રણાલીમાં આંકડાકીય સમર્થન, તકનીકી પ્રગતિ અને ગુનાનો સામનો કરવા અને અટકાવવા માટે વિશ્લેષણાત્મક આંતરદ્રષ્ટિ પ્રદાન કરીને નિર્ણાયક ભૂમિકા ભજવે છે.

### ❖ વસ્તીનું પ્રમાણ: 2022 :-

વસ્તીના કદને ગુનાના પ્રમાણમાં વધારો કે ઘટાડો કરવામાં ફાળો આપતું મહત્વનું પરિબળ ગણાવી શકાય. આ સંદર્ભે ભારતના દરેક રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશના ચોક્કસ સંદર્ભના આધારે અનન્ય સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્યને ધ્યાનમાં લેવું આવશ્યક છે.

| ક્રમ | રાજ્ય/ કેન્દ્રશાસિત પ્રદેશ | 2022 વસ્તી (લાખમાં) | ક્રમ | રાજ્ય/ કેન્દ્રશાસિત પ્રદેશ | 2022 વસ્તી (લાખમાં) |
|---|---|---|---|---|---|
| 1 | આંધ્ર પ્રદેશ | 530.33 | 19 | ઓડિશા | 460.83 |
| 2 | અરુણાચલ પ્રદેશ | 15.51 | 20 | પંજાબ | 306.00 |
| 3 | આસામ | 354.90 | 21 | રાજસ્થાન | 804.44 |
| 4 | બિહાર | 1255.32 | 22 | સિક્કિમ | 6.84 |
| 5 | છત્તીસગઢ | 299.51 | 23 | તમિલનાડુ | 767.07 |
| 6 | ગોવા | 15.69 | 24 | તેલંગાણા | 379.53 |
| 7 | ગુજરાત | 709.34 | 25 | ત્રિપુરા | 41.18 |
| 8 | હરિયાણા | 299.67 | 26 | ઉત્તર પ્રદેશ | 2340.94 |
| 9 | હિમાચલ પ્રદેશ | 74.43 | 27 | ઉત્તરાખંડ | 115.57 |
| 10 | ઝારખંડ | 391.35 | 28 | પશ્ચિમ બંગાળ | 987.64 |
| 11 | કર્ણાટક | 674.09 | 29 | આંદામાન અને નિકોબાર ટાપુઓ | 4.02 |
| 12 | કેરળ | 356.80 | 30 | ચંડીગઢ | 12.23 |
| 13 | મધ્યપ્રદેશ | 858.91 | 31 | દાદરા - નગર હવેલી અને દમણ - દીવ | 12.01 |
| 14 | મહારાષ્ટ્ર | 1257.36 | 32 | દિલ્હી | 210.96 |
| 15 | મણિપુર | 32.01 | 33 | જમ્મુ અને કાશ્મીર | 135.38 |
| 16 | મેઘાલય | 33.26 | 34 | લદ્દાખ | 2.99 |
| 17 | મિઝોરમ | 12.3 | 35 | લક્ષદ્વીપ | 0.69 |
| 18 | નાગાલેન્ડ | 22.18 | 36 | પુડુચેરી | 16.21 |

Website: https://ncrb.gov.in/
Source: https://ncrb.gov.in/uploads/nationalcrimerecordsbureau/custom/1701607577CrimeinIndia2022Book1.pdf

NCRB દ્વારા પ્રકાશિત પ્રાથમિક આંકડાકીય માહિતીને આધારે વસ્તીનું પ્રમાણ અને અપરાધને સાંકળવાનો પ્રયાસ કર્યો છે. ઉત્તર પ્રદેશ (2340.94 લાખ), બિહાર (1255.32 લાખ) અને મહારાષ્ટ્ર (1257.36 લાખ) જેવા રાજ્યો ઉચ્ચ વસ્તી ગીચતા ધરાવે છે, જે સહજ રીતે સામાજિક અવ્યવસ્થા અને અનૌપચારિક સામાજિક નિયંત્રણ નબળું પાડી શકવાની શક્યતા ધરાવે છે. જે ખાસ કરીને હાંસિયામાં ધકેલાઈ ગયેલા, અવિકસિત, પછાત સમુદાયોમાં અથવાતો તેઓ સામે થતા ઉચ્ચ અપરાધ દરમાં વધારો કરી શકે છે. વધુમાં, ઝારખંડ (391.35 લાખ), છત્તીસગઢ (299.51 લાખ), ઓડિશા (460.83 લાખ) જેવા રાજ્યો ઉચ્ચ ગરીબી દર અને મર્યાદિત આર્થિક તકોના અભાવને કારણે; હરિયાણા (299.67 લાખ) અને રાજસ્થાન (804.44 લાખ) જેવા રાજ્યો પિતૃસત્તાક માળખાં અને સામાજિક અસમાનતાને કારણે; આસામ (354.90 લાખ), મણિપુર (32.01 લાખ), જમ્મુ અને કાશ્મીર (135.38 લાખ) અને નાગાલેન્ડ (22.18 લાખ) રાજ્યોમાં ઐતિહાસિક અન્યાય અને ચાલી રહેલા સંઘર્ષોને કારણે અપરાધોના ઊંચા દર થવાની સંભાવના છે.

જ્યારે નિમ્ન વસ્તી ગીચતાના સંદર્ભે જોઈએ તો, લક્ષદ્વીપ (0.69 લાખ) અને લદ્દાખ (2.99 લાખ) જેવા રાજ્યો, ઓછી વસ્તી ગીચતા સાથે, મજબૂત સામાજિક સાંસ્કૃતિક ધોરણો અને અનૌપચારિક નિયંત્રણ ધરાવે છે, જે સંભવિતપણે નીચા અપરાધ દરમાં ફાળો આપે છે, તેમ અનુમાન લગાવી શકાય. ઉપરાંત, હિમાચલ પ્રદેશ (74.43 લાખ) અને મેઘાલય (33.26 લાખ) જેવા રાજ્યો, મુખ્યત્વે ગ્રામીણ વસ્તી તથા કુદરતી સાનિધ્યને કારણે; કેરળ (356.80 લાખ) અને તમિલનાડુ (767.07 લાખ) જેવા રાજ્યોમાં કુટુંબ પ્રત્યેની વધુ ભાવના અને સામુદાયિક સહકાર જેવી પ્રવૃત્તિઓને કારણે અપરાધોના દર નીચા થવાની સંભાવના છે.

રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં પ્રાદેશિક, સામાજિક, સાંસ્કૃતિક અસમાનતા, આરોગ્યસંભાળ અને શિક્ષણ જેવી આવશ્યક સેવાઓ વસ્તીમાં ગુનાના દરમાં વધારો કે ઘટાડો કરવાનું મહત્વનો ભાગ ભજવે છે. વસ્તીના પ્રમાણને વૈજ્ઞાનિક રીતે પૃથ્થકરણ કરવાથી સમાજશાસ્ત્રીઓ નીતિ નિર્માતાઓ અને સંશોધકોને પ્રાદેશિક અસમાનતાઓને દૂર કરવા, સર્વસમાવેશક વિકાસને પ્રોત્સાહન આપવા અને અસરકારક શાસન સુનિશ્ચિત કરવા માટે લક્ષિત વ્યૂહરચના ઘડવા ઉપયોગી બની શકે છે.

## ❖ ગુનાનો દર (Crime Rate) :-

ભારતમાં વિવિધતામાં માત્ર સંસ્કૃતિ, સમાજ કે સમુદાય પુરતી જ સીમિત નથી પરંતુ, સમાજે-સમાજે અપરાધની ઘટનાઓ, પ્રકારો, વ્યાપ, રીતોમાં પણ વિવિધતા જોવા મળે છે. સાંસ્કૃતિક ધોરણો, મૂલ્યો, રીત-રીવાજોને પ્રાધાન્ય આપતા ભારતમાં બળાત્કાર, દહેજ મૃત્યુ, ઘરેલુ હિંસા અને ઉત્પીડન સહિત મહિલાઓ સામેના અઢળક ગુનાઓ સામેલ છે. તેમજ ચોરી, લૂંટ, હત્યા અને સાયબર ક્રાઈમ જેવા ગુનાઓ સમગ્ર દેશમાં વિવિધ સ્વરૂપોમાં રોજેરોજ બને છે. અહી વર્ષ 1981 – 2022ના વર્ષોમાં IPC અપરાધની કુલ ઘટનાઓ, તેનો દર તપાસવાનો પ્રયત્ન કરેલ છે.

| 1981– 2022ના વર્ષોમાં IPC અપરાધ (At a glance - IPC Crime over the Years 1981– 2022) | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | વર્ષ | કુલ IPC અપરાધો (Total IPC Crimes) | | | ક્રમ | વર્ષ | કુલ IPC અપરાધો (Total IPC Crimes) | | |
| | | અપરાધની ઘટના (Crime Incidence) | ગુનાનો દર (Crime Rate) | આરોપપત્ર ફાઈલિંગ દર (Charge sheeting Rate) | | | અપરાધની ઘટના (Crime Incidence) | ગુનાનો દર (Crime Rate) | આરોપપત્ર ફાઈલિંગ દર (Charge sheeting Rate) |
| 1 | 1981 | 1385757 | 200.8 | 61.3 | 22 | 2002 | 1780330 | 169.5 | 80.0 |
| 2 | 1982 | 1353904 | 192.0 | 65.3 | 23 | 2003 | 1716120 | 160.7 | 80.1 |
| 3 | 1983 | 1349866 | 187.4 | 67.3 | 24 | 2004 | 1832015 | 168.8 | 79.8 |
| 4 | 1984 | 1358660 | 184.7 | 67.9 | 25 | 2005 | 1822602 | 165.3 | 80.7 |
| 5 | 1985 | 1384731 | 184.4 | 70.2 | 26 | 2006 | 1878293 | 167.7 | 80.6 |
| 6 | 1986 | 1405835 | 183.5 | 71.1 | 27 | 2007 | 1989673 | 175.1 | 80.1 |
| 7 | 1987 | 1406992 | 180.1 | 72.4 | 28 | 2008 | 2093379 | 181.5 | 79.8 |
| 8 | 1988 | 1440356 | 180.8 | 70.7 | 29 | 2009 | 2121345 | 181.4 | 78.4 |
| 9 | 1989 | 1529844 | 188.5 | 72.3 | 30 | 2010 | 2224831 | 187.6 | 79.1 |
| 10 | 1990 | 1604449 | 194.0 | 70.2 | 31 | 2011 | 2325575 | 192.2 | 78.8 |
| 11 | 1991 | 1678375 | 197.5 | 71.3 | 32 | 2012 | 2387188 | 196.7 | 78.8 |
| 12 | 1992 | 1689341 | 194.7 | 72.2 | 33 | 2013 | 2647722 | 215.5 | 79.5 |
| 13 | 1993 | 1629936 | 184.4 | 72.5 | 34 | 2014 | 2851563 | 229.2 | 79.6 |
| 14 | 1994 | 1635251 | 181.7 | 74.1 | 35 | 2015 | 2949400 | 234.2 | 77.7 |
| 15 | 1995 | 1695696 | 185.1 | 74.3 | 36 | 2016 | 2975711 | 233.6 | 72.9 |
| 16 | 1996 | 1709576 | 183.4 | 76.9 | 37 | 2017 | 3062579 | 237.7 | 70.7 |
| 17 | 1997 | 1719820 | 180.0 | 77.5 | 38 | 2018 | 3132955 | 236.7 | 68.1 |
| 18 | 1998 | 1778815 | 183.2 | 77.8 | 39 | 2019 | 3225597 | 241.2 | 67.2 |
| 19 | 1999 | 1764629 | 178.9 | 78.0 | 40 | 2020 | 4254356 | 314.3 | 75.8 |
| 20 | 2000 | 1771084 | 176.7 | 78.4 | 41 | 2021 | 3663360 | 268.0 | 72.3 |
| 21 | 2001 | 1769308 | 172.3 | 78.6 | 42 | 2022 | 3561379 | 258.1 | 71.3 |
| Website: https://ncrb.gov.in/ Source:https://ncrb.gov.in/uploads/nationalcrimerecordsbureau/custom/1701607577CrimeinIndia2022Book1.pdf Page: x | | | | | | | | | |

1981– 2022ના વર્ષોમાં IPC અપરાધની માહિતીને દસ-દસ વર્ષના અંતરે તપાસીને વિશ્લેષણ કરવાનો પ્રયાસ કર્યો છે.

જે અંતર્ગત વર્ષ 1981-1990 માટે NCRB ક્રાઈમ ડેટા જોતા કહી શકાય કે, આ દાયકામાં ગુનાખોરીની ઘટનાઓમાં સતત વધારો થયો છે, જે 1981માં 1,385,757 થી 1990માં 1,604,449 થઈ ગયો છે, જે સરેરાશ વાર્ષિક 24,299.11 નો વધારો છે. જો કે, ગુનાનો દર, જો કે, દાયકામાં થોડો ઘટાડો થયો, 1981માં પ્રતિ 100,000 વસ્તીએ 200.8થી 1990માં 100,000 વસ્તી દીઠ 194.0 થયો. 1980ના દાયકાના અંતમાં અપરાધની ઘટનાઓમાં વધારો થવાનો દર ધીમો પડ્યો. ચાર્જશીટનો દર 1987માં સૌથી વધુ અને 1981માં સૌથી ઓછો હતો.

1991થી 2000 સમયગાળા દરમિયાન ગુનાની ઘટનાઓમાં વધઘટ થતી જોવા મળી હતી. જ્યારે તે શરૂઆતમાં 1991માં 1,678,375 થી વધીને 1997 માં 1,719,820 પર પહોંચ્યું હતું, તે પછીથી 1999માં ઘટીને 1,764,629 અને 2000માં 1,771,084 થયું હતું. અપરાધની ઘટનાઓમાં પ્રારંભિક વધારો હોવા છતાં, એકંદર ગુનાખોરી દર 1991માં 100,000 વસ્તી દીઠ 197.5થી ઘટીને 2000માં 176.7 થઈ ગયો. આ કાયદાના

અમલીકરણ, ગુના નિવારણ વ્યૂહરચનાઓ અને ગુનાઓની જાગૃતિ અને રિપોર્ટિંગમાં સંભવિત સુધારો સૂચવે છે. ચાર્જશીટીંગ રેટ સતત ઉપર તરફનું વલણ દર્શાવે છે, જે 1991માં 71.3% થી વધીને 2000માં 78.4% થઈ ગયું છે. પોલીસ તપાસ તકનીકોમાં સુધારો, ફોજદારી ન્યાય પ્રણાલીમાં કાર્યક્ષમતામાં વધારો સૂચવે છે.

ભારતમાં 2001થી 2010 સુધીના દાયકા દરમિયાન ગુનાની ઘટનાઓમાં સતત વધારો દર્શાવે છે, જે 2001માં 1,769,308 થી શરૂ થઈને 2010માં 2,224,831ની ટોચે પહોંચ્યો હતો. આ લગભગ 455,523 કેસોમાં નોંધપાત્ર વધારો દર્શાવે છે, જે જાહેર સલામતી માટે વધતી જતી ચિંતા દર્શાવે છે. જ્યારે ગુનાની ઘટનાઓમાં વધારો થયો છે, ત્યારે ગુનાનો દર પ્રમાણમાં થોડોક વધઘટ થયો છે. તે 2001માં 172.3 થી ઘટીને 2003માં 160.7 થયું હતું પરંતુ ત્યારબાદ ફરી વધીને 2010માં 187.6 પર પહોંચ્યું હતું. જે બાબત સૂચવે છે કે કેસોની વધતી સંખ્યા છતાં અપરાધનો સંબંધિત વ્યાપ કંઈક અંશે સ્થિર રહ્યો છે. ઉપરાંત ચાર્જશીટનો દર 2001માં 78.6% થી 2003માં 80.1% પર થોડો પ્રારંભિક વધારો જોવા મળ્યો હતો. જો કે, તે 2009માં 78.4%ના સહેજ ઘટાડાની સાથે, બાકીના સમગ્ર દાયકા દરમિયાન 80% ની આસપાસ થોડોક વધઘટ થયો હતો. ગુનાખોરીની વધતી ઘટનાઓ, સ્થિર ગુનાખોરી દર હોવા છતાં, સમુદાયોમાં વધતા સામાજિક વિઘટન મુખ્ય કારણ ગણાવી શકાય.

2011 થી 2022 સુધીના NCRB ડેટા ભારતમાં ગુનાની જટિલતા દર્શાવે છે. આ સમયગાળા દરમિયાન ગુનાની ઘટનાઓમાં વધારો થયો છે, જે 2011માં 2,325,575 થી લગભગ બમણું થઈને 2020માં 4,254,356 થઈ ગયું હતું. તેની ટોચ પર પહોંચ્યા પછી, 2021 અને 2022માં અપરાધના બનાવોમાં થોડો ઘટાડો થયો. સૌથી મોટો વાર્ષિક વધારો 2012 અને 2013ની વચ્ચે થયો હતો, જ્યારે ગુનાઓની સંખ્યામાં 260,534નો વધારો થયો હતો. 2020માં, અપરાધની ઘટનાઓમાં 1,028,799નો વધારો જોવા મળ્યો, વર્ષ 2021 અને 2022માં 2020ની તુલનામાં ગુનાની ઘટનાઓમાં ઘટાડો જોવા મળ્યો હતો, પરંતુ આ ઘટાડો અનુક્રમે 591,001 અને 101,981 ના ઘટાડા સાથે ઓછા નોંધપાત્ર હતા. અપરાધની ઘટનાઓમાં તીવ્ર વધારો થયો હોવા છતાં, ગુનાખોરીની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થયો હોવા છતાં, અપરાધ દરના સંદર્ભે જોઈએ તો, 2011માં 192.2 થી વધીને 2015 માં 234.2 થયો હતો, 2017માં 237.7 થી 2022માં 258.1 સુધી સતત વધઘટ થતો જોવા મળે છે. ચાર્જશીટીંગ રેટ 2011માં 78.8% થી 2020 માં 75.8% સુધી નોંધનીય ઘટાડો અનુભવ્યો હતો, જે 2022 માં થોડો પુનઃપ્રાપ્ત થયો તે પહેલા 71.3% થયો હતો.

2021 માં 36,63,360 ભારતીય દંડ સંહિતા (The Indian Penal Code - IPC) ગુનાઓ અને 24,32,950 વિશેષ અને સ્થાનિક કાયદા (Special and Local Laws - SLL) ગુનાઓ સમાવિષ્ટ કુલ 60,96,310 નોંધનીય ગુનાઓ નોંધાયા હતા. તે 2020 (66,01,285 કેસો) કરતાં વધુ કેસોની નોંધણીમાં 5,04,975 (7.6%)નો ઘટાડો દર્શાવે છે. પ્રતિ લાખ વસ્તીમાં નોંધાયેલા ગુનાનો દર 2020 માં 487.8 થી ઘટીને 2021 માં 445.9 થયો છે. 2021 દરમિયાન, IPC હેઠળના કેસોની નોંધણીમાં 13.9% ઘટાડો થયો છે જ્યારે SLL ગુનાઓ 2020 ની સરખામણીમાં 3.7% વધ્યા છે. IPCનો ટકાવારી હિસ્સો 6% હતો. 2021 દરમિયાન SLL કેસોનો હિસ્સો 39.9% હતો (Crime in India – 2021 SNAPSHOTS - States/UTs).

જ્યારે વર્ષ - 2022 દરમિયાન, કુલ 56,59,787 IPC કેસો (ગત વર્ષ કરતાં 20,41,140 કેસ પેન્ડિંગ + 35,61,379 વર્ષ દરમિયાન નોંધાયેલા + 57,268 કેસ તપાસ માટે ફરીથી ખોલવામાં આવ્યા) તપાસ હેઠળ હતા, જેમાંથી કુલ 36,60,786 કેસ હતા ચાર્જશીટ કરાયેલા 26,11,526 કેસ સહિત પોલીસ દ્વારા નિકાલ કરવામાં આવ્યો, જેના પરિણામે ચાર્જશીટનો દર 71.3% થયો (Crime in India – 2022 SNAPSHOTS - States/UTs).

| અપરાધ – 2022 | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | IPC હેઠળના મુખ્ય ગુનાઓ **(Crime Head under IPC)** | તપાસ માટે કુલ કેસો **(Total Cases for Investigation)** | કેસોમાં ચાર્જશીટ દાખલ **(Cases Charge Sheeted)** | ચાર્જશીટ ફાઈલ કરવાનો દર **(Charge Sheeting Rate)** | પરીક્ષણ માટે કુલ કેસો **(Total Cases for Trial)** | કુલ કેસો દોષિત **(Total Cases Convicted)** | દોષારોપણ દર **(Conviction Rate)** |
| 1. | હત્યા (Murder) | 49,220 | 25,658 | 81.5 | 2,63,960 | 6,904 | 43.8 |
| 2. | બળાત્કાર (Rape) | 44,785 | 26,508 | 77.9 | 1,98,285 | 5,067 | 27.4 |
| 3. | અપહરણ(Kidnapping and Abduction) | 1,81,240 | 41,656 | 36.4 | 3,24,480 | 5,167 | 33.9 |
| 4. | હર્ટ (Hurt including acid attack) | 8,58,817 | 5,70,027 | 89.9 | 36,51,991 | 79,644 | 35.9 |
| 5. | રમખાણ (Rioting) | 67,739 | 34,963 | 86.6 | 5,63,696 | 5,939 | 24.9 |
| Website: https://ncrb.gov.in/ Source:https://ncrb.gov.in/uploads/nationalcrimerecordsbureau/custom/1701607577CrimeinIndia2022Book1.pdf - Page: xvi | | | | | | | |

હત્યા એ ગંભીર ગુનો છે જે ઘણીવાર ગુસ્સો, ઈર્ષ્યા અથવા બદલો જેવા વ્યક્તિગત પરિબળો દ્વારા પ્રેરિત થાય છે. ઉપર્યુક્ત માહિતી દર્શાવે છે કે 2022માં ભારતમાં હત્યાના 49,220 નોંધાયા હતા. આમાંથી 25,658 કેસમાં ચાર્જશીટ કરવામાં આવી હતી અને 6,904ને દોષિત ઠેરવવામાં આવ્યા હતા. આનો અર્થ એ છે કે હત્યા માટે ચાર્જશીટનો દર 81.5% છે, અને દોષિત ઠરાવવાનો દર 43.8% છે. બળાત્કારના ગુનામાં ડેટા દર્શાવે છે કે 2022માં બળાત્કારના 44,785 કેસ નોંધાયા હતા. આમાંથી 26,508 કેસમાં ચાર્જશીટ કરવામાં આવી હતી અને 5,067ને દોષિત ઠેરવવામાં આવ્યા હતા. 2022માં અપહરણના 1,81,240 કેસ નોંધાયા હતા. આમાંથી માત્ર 41,656 કેસમાં જ ચાર્જશીટ કરવામાં આવી હતી અને 5,167ને દોષિત ઠેરવવામાં આવ્યા હતા. મિલકતને વ્યાપક નુકસાન અને જાનહાનિમાં વધારો કરતા રમખાણો માટે ચાર્જશીટનો દર 86.6% છે અને દોષિત ઠરાવવાનો દર 24.9% છે. નાની ઈજાઓથી લઈને ગંભીર શારીરિક નુકસાન કરતું ઈજા (હર્ટ) માટે ચાર્જશીટનો દર 89.9% છે, અને દોષિત ઠરાવવાનો દર 35.9% છે. વધુમાં, NCRB ગુનાવાર વિસ્તારથી માહિતીનો અભ્યાસ કરવો હોય તો NCRBનો તાજેતરનો અહેવાલ-2022નો અભ્યાસ કરવાથી વધુ માહિતી મેળવી શકાય (સંદર્ભ લિંક - https://ncrb.gov.in/)

તાજેતરના વર્ષોમાં વ્યક્તિ તુરંત પૈસાદાર કે ધનિક થઈ જવા માટે અથવા ત્વરિત આર્થિક સ્થિતિની સ્પર્ધાને કારણે, વધુ નાણા કમાવવાની ઘેલછાને કારણે કાયદાને હાથમાં લઈને પણ ગુનો કરી બેસે છે. આ ઉપરાંત જ્ઞાતિવાદ, સાંપ્રદાયિકતા, નિરંતર બેરોજગારીના દરમાં વધારો, ગ્રામીણ-શહેરી આર્થિક તફાવત, સામાજિક અનુકૂલનના પ્રશ્નો, સ્થળાંતર, મોંઘવારી, મોજશોખની વસ્તુઓ મેળવવા માટે થતા ગુનાઓ, ઘરેલું હિંસા, સામાજિક મૂલ્યોનું પતન અને ગેરકાયદેસર વસ્તુઓનું સતત વેચાણ વગેરે અનેક કારણો ગુનાખોરી પ્રવૃત્તિ તરફ લઈ જાય છે. જો કે, સંખ્યાત્મક માહિતી પરથી સ્પષ્ટપણે કહી શકાય કે, ચાર્જશીટ ફાઈલ કરવાના દરમાં થયેલો વધારો સકારાત્મક બાબત છે. જે સૂચવે છે કે પોલીસ વિભાગ અને સાથી સુરક્ષા એજન્સીઓ ગુનેગારો સામે આરોપો સાબિત કરવામાં વધુ કાર્યક્ષમ બની રહી છે. ગુના સંશોધન અને ન્યાયિક પ્રક્રિયામાં

ટેક્નોલોજીનો ઉપયોગ અને પારદર્શિતાને કારણે ગુના થતા અટકાવવામાં અને ગુનાઓ અંગે નિર્ણયો લેવામાં રાજ્ય તથા કેન્દ્ર સરકાર અને તેના સંબંધિત વિભાગો સતત પ્રયત્નશીલ છે અને તકેદારી રાખી રહેલ છે.

### ❖ અપરાધ સંદર્ભે ઉભરતા મુદ્દાઓ (Emerging issues Regarding Crime) :-

અપરાધના દરને દર્શાવવા માટે સામાજિક, આર્થિક અને કાનૂની પરિબળોને ધ્યાનમાં લેતા બહુપક્ષીય અભિગમની જરૂર છે.

- ➢ કાયદા અમલીકરણ અધિકારીઓને ગુનાની શોધ, તપાસ અને સમુદાયમાં કુશળતા માટે સતત તાલીમ આપવી. અપરાધ નિવારણ માટે આધુનિક સાધનો અને તકનીકોનો ઉપયોગ વધારવો.
- ➢ નાગરિક સુરક્ષા સાથે સંકળાયેલ વિભાગો અને નાગરિકો વચ્ચે સકારાત્મક સંબંધો સ્થાપવા જેથી સમુદાયો સાથે જોડાવાથી સ્થાનિક મુદ્દાઓને ઓળખવામાં અને વિશ્વાસ ઊભો કરવામાં મદદ મળી શકે છે, નાગરિકોને અપરાધ નિવારણના પ્રયાસોમાં સહયોગ કરવા પ્રોત્સાહિત કરી શકાય.
- ➢ સામાજિક-આર્થિક અસમાનતાઓ, ગરીબી ઘટાડવાના સરકારી યોજનાઓ પ્રત્યે નાગરિકો સંવેદનશીલ થઈ લાભ મેળવે જેથી સામાન્ય ગુનાઓ થતા અટકે.
- ➢ ફોજદારી કેસોની સુનાવણી અને ઝડપી નિકાલ કરવા.
- ➢ નાગરિકોને પોતાના નિવાસસ્થાનની નજીક ઝડપી ન્યાય મળી રહે તે માટે ગ્રામ ન્યાયાલયો સ્થાપવી.
- ➢ ઘરેલું હિંસા અને જાતીય ગુનાનો ભોગ બનેલ નાગરિકોને કાનૂની સહાય અને રક્ષણ મળી શકે તે માટે સંબંધિત વિભાગોની કામગીરીમાં પારદર્શિતા વધારવી.
- ➢ પુનર્વસન અને સુધારણા કાર્યક્રમો વિકસાવવો.
- ➢ ઇન્ટરનેટ સુવિધાઓનો ઉપયોગ સંદર્ભે થતા ગુનાઓ અંગે છેતરપિંડીનો ભોગ ન બને તે માટે નાગરિકોને નિરંતર જાગૃત કરવા જોઈએ તથા સરકારી માર્ગદર્શિકાનું પાલન કરવું જોઈએ.
- ➢ ગુના સંબંધિત માહિતીના સંગ્રહ, વિશ્લેષણ અને અહેવાલોમાં વધારો કરવો જેના અભ્યાસથી ભવિષ્યમાં અસરકારક નીતિઓ અમલી કરી શકાય.

### ❖ સમાપન :-

અપરાધ એક સતત સામાજિક સમસ્યા રહી છે, જે વ્યક્તિઓ, સમુદાયો અને સમાજને વ્યાપકપણે અસર કરે છે. ઘરફોડ ચોરી અને લૂંટથી માંડીને બળાત્કાર, હત્યા અને સંગઠિત અપરાધ જેવા વધુ ગંભીર ગુનાઓ સુધીની ગુનાહિત પ્રવૃત્તિઓ દેશના સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અને રાજકીય માળખા પર અને મુખ્યત્વે કૌટુંબિક માળખા પર નોંધપાત્ર અસર કરે છે. ભારતમાં ગુનાનું સ્વરૂપ અને ગતિશીલતાને સમજવા માટે તાર્કિક અભિગમ અપનાવવો પડશે. ગુનાખોરી દરે તેની વૈવિધ્યસભર વસ્તી, જટિલ સામાજિક ગતિશીલતા અને ગુનાહિત વર્તણૂકના મૂળ કારણોને સંબોધવાની જરૂરિયાતને કારણે નોંધપાત્ર ધ્યાન ખેંચ્યું છે. આ મુદ્દાની ઊંડી સમજ મેળવવા માટે, સમાજશાસ્ત્રીય વિશ્લેષણ નિર્ણાયક છે. ગરીબી, બેરોજગારી, શિક્ષણનો અભાવ અને યુવાનો માટે તકોનો અભાવ સહિત સમાજમાં ગુનામાં ફાળો આપતાં અનેકવિધ પરિબળો છે. ગુના જેવી સામાજિક સમસ્યાને ઉકેલવા માટે કાયદાના અમલીકરણ, નોકરીની તકો વધારવા અને ગરીબીમાં વ્યક્તિઓ અને પરિવારોને મદદ કરવા માટે કાર્યક્રમોનો અમલ કરવાનો સમાવેશ થઈ શકે છે. ભારતીય સરકારે અનેક ગંભીર

સામાજિક સમસ્યાનો સામનો કરવા માટે કાયદાકીય પગલાં લીધાં છે, ત્યારે ગુનાના મૂળ કારણોને શોધવા માટે વધુ પગલાં લેવાની જરૂર છે. શિક્ષણને પ્રોત્સાહન આપીને, રોજગારીની તકોનું સર્જન કરીને અને સમાજના નબળા વર્ગોને સામાજિક, આર્થિક સહાય પૂરી પાડીને અને સધ્ધર બનાવીને, વધતા જતા ગુનાની ઘટનાઓને ઘટાડી શકે છે અને તેના નાગરિકો માટે વધુ સુરક્ષિત વાતાવરણનું નિર્માણ કરી શકે છે. તમામ હિતધારકો, સામાજિક કાર્યકર્તાઓના સંયુક્ત પ્રયાસો દ્વારા જ ભારતમાં અપરાધની સમસ્યાને અસરકારક રીતે ઉકેલી શકાય છે.

### ❖ સંદર્ભ સૂચિ (References) :-


1. Cesare Lombroso, in The New World Encyclopedia https://www.newworldencyclopedia.org/entry/Cesare_Lombroso
2. Cesare Lombroso, Italian criminologist, at Britannica Online https://www.britannica.com/biography/Cesare-Lombroso
3. Clinard, M. B., & Quinney, R. (2016) "*Criminal Behavior Systems: A Typology*" London: Routledge. https://drive.google.com/file/d/1jJulQjme55iLK8jagrTaK4XsyD10uyHp/view
4. Gottfredson, Michael; Hirschi, Travis (1990) "A General Theory of Crime" Palo Alto, Calif.: Stanford University Press.
5. https://cdnbbsr.s3waas.gov.in/s380537a945c7aaa788ccfcdf1b99b5d8f/uploads/2023/02/2023021084-1.pdf
6. https://drive.google.com/file/d/1hjM5vxxXIzj8WUngmWnMc5txQf3-eJf_/view
7. https://ncrb.gov.in/
8. https://ncrb.gov.in/sites/default/files/CII-2021/CII%202021%20CITIES%20SNAPSHOTS.pdf
9. https://ncrb.gov.in/uploads/nationalcrimerecordsbureau/custom/1701607577CrimeinIndia2022Book1.pdf
10. https://ncrb.gov.in/uploads/nationalcrimerecordsbureau/custom/ciiyearwise2022/17016097489aCII2022Snapshots-StateandUTs.pdf
    https://scholarworks.wmich.edu/cgi/viewcontent.cgi?article=2275&context=dissertations
11. https://www.encyclopedia.com/law/legal-and-political-magazines/crime-causation-sociological-theories
12. https://www.researchgate.net/publication/350054152_CRIME_IS_A_RESULT_OF_SOCIAL_AND_ENVIRONMENTAL_FACTORS_AND_NOT_ON_BIOLOGICAL_FACTORS
13. https://www.sagepub.com/sites/default/files/upm-binaries/13433_Walsh_Chapter_1.pdf
14. https://www.sociologylens.in/2019/04/crime-meaning-types-causes.html
15. NCRB - Director desk - https://ncrb.gov.in/directors-desk